જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૬/૨૦૧૬ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી અને ૩૨૧ લીટર દેશી દારૂ અને ૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૬/૧૬**

**નિકોલઃ ડેવીડભાઈ ડેન્યલ ઠક્કર** (રહે.શ્રીજી સોસાયટી ગેરતપુર દસક્રોઈ) એ તા.૧૩/૬/૧૬ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૬/૧૬ થી બે માસ અગાઉ ઈસનપુર ગોવિંદવાડી અને ઘોડાસર પારૂલ ટેનામેન્ટ ખાતે આરોપી હેમલ મયંકભાઈ પટેલ (રહે. પારૂલ ટેનામેન્ટ કેડીલા રોડ ઘોડાસર ઈસનપુર) એ વિશ્વાસ કેળવી ભાડે લઈ જઈ ડેવીડભાઈની સ્વિફ્ટ ડીઝાયર ગાડી તેમજ ડેવીડભાઈના મિત્રોની આઠ ગાડી મળી કુલ નવ ગાડી કિમત રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- લઈ જઈ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ ડી રાતડા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૭/૧૬**

**સોલા હાઇકોર્ટ : હેતાબહેન કેતનભાઇ દલાલ** (રહે.અનુષ્ઠાન બંગ્લોઝ, સાયન્સ સીટી રોડ, સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૬/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૩/૬/૧૬ નાં કલાક ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી રોકડ રૂપિયા અને ચીજવસ્તુઓ મળી કુલ રૂપિયા ૧,૭૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.સ.ઈ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

**ઇસનપુર : નૈનેશભાઇ શીવાભાઇ પટેલ** (રહે.ભગીરથ સોસાયટી, કેડીલા કંપનીનાં ઝાંપાની સામે, ઘોડાસર, ઇસનપુર) એ તા.૧૩/૬/૧૬ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૬/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૨/૬/૧૬ રાતનાં ૧૧/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાનાં દાગીના, ચાંદીનાં સિક્કા નંગ-૨૦ અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૨,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.ડી.વિષ્યક ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નિકોલઃ કે.લિવીંગ આર્ટસ ફીન્ની** (રહે.ગેલેક્ષી હોમ્સ, ઉદય ઓટોલિંકની પાછળ, કઠવાડા નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૬/૧૬ ના કલાક ૧/૩૦ થી સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો-તાળા તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.ગામીત ચલાવે છે.

<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૦૯૮/૧૬</u>

**નિકોલઃ પ્રજ્ઞેશભાઈ સુંદરલાલ પટેલ (રહે.ગીરીરાજ ટેનામેન્ટની સામે ધોડાસર ઈસનપુર) એ તા.૮/૬/૧૬ રાતના ૮/૦૦ વાગે પોતાના ઘર નજીક પોતાનુ રોયલ એનફિલ્ડ બુલેટ નંબર જીજે ૨૭ એઆર ૫૨૬૬ કિમત રૂપિયા ૧,૩૦,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી તા.૯/૬/૧૬ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ તા.૧૩/૬/૧૬ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.** આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી ડી વૈશ્યક ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)